R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 05 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH JANUARY 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# મારા પ્યારના સાગર... વિમલાને
# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા.૦૬-૦૯-૧૯૩૯

અરિહંત શરણ
તા.૨૦-૧૧-૨૦૨૧

## સ્વ. સૌ. વિમલા થોભણ લોડાયા

**ગામ રવા - હાલ કલીકટ**

માણેલી હરપળ હરઘડી તારી યાદ આવે છે.
જીવનની સમી સાંજે તારી સ્મૃતિ ઝિંદાદિલી બક્ષે છે,
તૂ હતી મારી પ્રેરણામૂર્તિને દરિયા દિલ હમસફર,
સમજદારી અને વ્યવહારિક કૌશલ્યથી ભરતા'તા હરડગર
જીવન ઉદ્યાનના પુષ્પો ભરત, મનિષ અને આનંદને
સુસંસ્કારોથી સિંચવ્યા, દિકરી સમાન ભારતી અને પારૂલને
આપના પ્રેમના પમરાટથી પ્રફુલ્યા અને સ્નેહથી સંભાળ્યા
વિમલા તારા જીવનના ઉપવનમાં ખીલેલા ફૂલોની વેલી
જેવા જીગર, કૃતિકા અને વિમલ ને વ્હાલથી લાડ લડાવ્યાં
તેઓ દાદીમા વગર સૂના થઈ ગયા છે. ખંત ચિવટથી શૂન્યમાંથી
સર્જન કરતાં રસ્તો મળ્યો. તારા સહકારથી કદમ ભરતા જીવનની
કેડી સુગમ થતી ગઈ. તારી સાથે વિતાવેલા મધુર સંભારણા
યાદ કરતાં આંખો અમારી ભીની થઈ જાય છે.
તારા બગીચામાં વાવેલા ફૂલોનાં છોડ ગુલાબ, મોગરો,
રાતરાણી વિગેરે એની મીઠી સુવાસથી મધમધી રહેલો બાગબાન
મહેંકી રહ્યો છે. પણ તારા વગર મધુવન સૂનું થઈ ગયું છે.
પરિવારને મંદિર જેમ મહેકતો રાખનાર વિમલાના દિવ્ય આત્માને
પ્રભુ પરમ શાંતિ અર્પે

જીવન સફરના સાથી

**થોભણ ચાંપશી લોડાયા**

સંવત : ૨૦૭૮ || શ્રી સચ્ચાઈ માતાજી અને સખત માતાજીને નમ: || સન : ૨૦૨૨



# શ્રી લોડાયા સચ્ચાઈ માતાજી
તથા
# શ્રી સખત માતાજી



કચ્છ : સાંયરા, પોસ્ટ : કોઠારા, તાલુકા : અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫.

તા. ૨૭-૧૨-૨૦૨૧

સ્નેહી સ્વજન,

## લોડાયા નુખના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી તથા શ્રી સખત માતાજીને નમતા ભાવિક પરિવાર

સાંયરા ગામમાં બિરાજમાન આપણાં પરિવારના કુળદેવી **શ્રી સચ્ચાઈ માતાજીના સ્થાનકનું નૂતનીકરણ** અને **સુશોભીતકરણ**નો સંપૂર્ણ લાભ **માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હ. અ.સૌ. જયાબેન શાંતિલાલભાઈ લોડાયાએ** તન-મન-ધનથી પોતાના સ્વદ્રવ્યથી ભગીરથ કાર્યને સુપેરે પાર પાડીને નવનિર્માણ મંદિર પૂર્ણ કરેલ છે.

આ નૂતનીકરણ દેવસ્થાન (મંદિર)નું વિવિધત ઉદ્‌ઘાટન **ફાગણ સુદ ૪, રવિવાર તા. ૦૬-૦૩-૨૦૨૨**ના ચઢતા પહોરે **શુભ મૂહુર્તે** સવારે ૭.૩૦ ક. કુળદેવી સચ્ચાઈ માતાજી અને પુડસાદાદાનું શુધ્ધીકરણ તથા ગંધી બદલવાનું સાથે પહેડી-પ્રસાદ સાંયરા ગામે રાખવામાં આવેલ છે. આપણાં ગામની પાદર (વંથાણ)માં આવેલ શ્રી સતીમાતાજી અને પુડશા દાદાનું નિમાલ (શુધ્ધીકરણ) પહેડી પ્રસાદ રાખેલ છે. આ શુભ પ્રસંગની ઉજવણીમાં લોડાયા માતાજીને નમતા ભાવિકોને બહોળી સંખ્યામાં આનંદ, ઉત્સાહ અને ઉમંગથી પધારવા ભાવભર્યું આમંત્રણ છે. માતાજીની વાર્ષિક પહેડીમાં તમારી હાજરી અમારે મન :ભાવન છે.

તમારી ટિકિટ વેળાસર કઢાવીને કાર્યકર્તાઓને જાણ કરવા નમ્ર વિનંતી જેથી આગળની વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે.

કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી તથા સખત માતાજીની કૃપા આપણાં પર વરસતી રહે. જેમના દર્શન માત્રથી હૈયે આનંદ છવાય છે.

**માતાજીના સ્થાનકના નુતનીકરણ મંદિરના દાતા પરિવાર**

## માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર

હ. અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા-ગાંધીધામ-મુલુંડ)

લી.

શ્રી મણીલાલ પદમશી લોડાયા
શ્રી શાંતિલાલ પદમશી લોડાયા-૯૩૨૪૦ ૧૧૧૦૫
શ્રી હિરાચંદ ચત્રભુજ શાહ
શ્રી દિપક ભવાનજી લોડાયા-૯૮૨૦૮ ૨૧૩૮૮
શ્રી પરેશ જવેરચંદ લોડાયા-૯૯૮૭૭ ૦૬૨૧૧

UPASANA-9820167767

|| શ્રી સુવીધીનાથાય નમ: || || શ્રી મહાવીરાય નમ: || || શ્રી આદીનાથાય નમ: ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ) - ૩૭૦૬૪૦

## વાર્ષિક સામાન્ય સભા










શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજનની **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૯/૧૨/૨૦૨૧** ના સાંજે ૫.૩૦ કલાકે **દેવપુંજ હોલ, વાલજી લધા રોડ, મુલુંડ** ખાતે, મહાજન ઉપપ્રમુખ **શ્રી ચેતનભાઈ સોમચંદ મુનવર** ના અધ્યક્ષ પદે મળી હતી.

નવકાર મંત્ર પઠન બાદ **પ.પૂ. સા. શ્રી યશોદયશ્રીજી મ.સા.** નું રેકોર્ડ કરેલ માંગલિક સંભળાવ્યું હતું તથા એમનો સંદેશ વાંચી સંભળાવ્યો હતો.

ત્યારબાદ ગત વર્ષ દરમિયાન અરિહંત શરણ પામેલ જખૌવાસી જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. એ પછી આપણા સદગત પ્રમુખ **કાંતિલાલ કરમશી વિકમશી** ને સભાએ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી **હરીશભાઈ દામજી ધરમશી** એ એમના સંસ્મરણોની રજુઆત કરી, એમના યોગદાનને બિરદાવ્યા હતા. મહાજન અને ટ્રસ્ટ તરફથી કાંતિભાઈના કુટુંબીજનો, **કાશ્મીરાબેન, પુત્ર કુણાલ તથા પ્રતીક** તેમજ વડીલ બંધુ **વસંતભાઈ, તેમજ ભાભીશ્રી મધુરીબેન કિશોરભાઈ** ને ગુણાનુવાદ પત્ર અર્પણ કરેલ. કાંતિભાઈ ના વડીલબંધુ **વસંતભાઈ વિકમશી** એ સમયોચિત ઉદ્બોધન કરેલ.

મહાજન સેક્રેટરી **જયંતીભાઈ દેવશી મૈશેરી** એ વર્ષ ૨૦૨૦-૨૧નો અહેવાલ વાંચન કરેલ. મહાજનના ખજાનચી શ્રી અજયભાઈ હીરાચંદ શિયાલે મહાજનના વર્ષ ૨૦૨૦-૨૧ના ઑડિટેડ હિસાબો રજુ કર્યા જે સભાએ સર્વાનુમતે મંજુર કરેલ.

ત્યારબાદ **હરીશ દામજી ધરમશી** એ ટ્રસ્ટના ઑડિટેડ હિસાબોની ઝીણવટભરી રજુઆત કરી હતી. જેની સભાએ સમાધાન વ્યક્ત કરી નોંધ લીધી હતી. એ બાદ જિર્ણોધ્ધાર કાર્ય પ્રગતિનો અહેવાલ રજૂ કરાયો હતો. સભાએ કાર્ય પ્રગતિની ફિલ્મની નોંધ તથા કાર્યની ગુણવત્તા અને ટ્રસ્ટીઓના દેખરેખ બાબત આનંદ વ્યક્ત કર્યો હતો.

કોરોના મહામારી થકી ગત બે વર્ષમાં જિર્ણોધ્ધાર કામમાં આવેલ વ્યત્યય થકી, **મહાજન અને ટ્રસ્ટ ના કાર્યકાળમાં ૨ વર્ષ નો વધારો કરવાના પ્રસ્તાવ બાબત, સભાએ એકમતે અત્યાર સુધી થયેલ કાર્ય ને બિરદાવ્યું હતું અને કાર્યકાળ આગામી ૨ નહીં પણ ૫ વર્ષ માટે વધારવાનો આગ્રહભર્યો પ્રસ્તાવ કરેલ.** પણ મહાજન અને ટ્રસ્ટના સભ્યોએ એનો સવિનય અસ્વીકાર કરતા હાલમાં બે વર્ષનો વધારો મંજુર કરવા વિનંતી કરેલ. તેમજ યુવાઓને કાર્યમાં સાથે જોડાવવા આમંત્રણ આપી, ૨ વર્ષ બાદ ધુરા સંભાળવા અપીલ કરી હતી. **સભાએ એકમતે કાર્યકાળમાં ૨ વર્ષનો વધારો મંજુર કર્યો હતો.**

ત્યારબાદ કાંતિભાઈ વીકમશી ની જગ્યાએ પ્રમુખની વરણી કરવાનો વિષય હાથ ધરવામાં આવેલ. **શ્રી રાયચંદભાઈ દેવશી જીવાણી** નો મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિનો ૧૦ વર્ષનો અનુભવ તેમજ ડોંબિવલી મંડળના પ્રમુખ તરીકેનો અનુભવ ધ્યાનમાં રાખી એમને પ્રમુખ પદ સ્વીકારવા અનુરોધ કર્યો હતો. **શ્રી રાયચંદભાઈ** એ આટલી મોટી જવાબદારી માટે, બધાના સાથ સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી, જેનો સભાએ પડઘો પાડતા ખાતરી આપી હતી. **શ્રી મહાવીસ્વામીના જયજયકાર વચ્ચે શ્રી રાયચંદભાઈ જીવાણીએ પ્રમુખપદ ની જવાબદારી સ્વીકારી હતી.**

એ પછી હરીશભાઈ ધરમશી એ સભાને આગામી **૬ માર્ચ ૨૦૨૨ના રોજ મુંબઇ મધ્યે રત્નટુંક સંકુલ ના ૧૭૫ વર્ષની ઉજવણીના તૈયારી બાબત, શ્રધ્ધેય શ્રી નરેન્દ્રભાઇ નંદુ ના સૂત્ર સંચાલનમાં યોજનારા સંમેલન વિશે માહિતી આપી બધાને એ તારીખે બીજો કોઈ પણ કાર્યક્રમ ન રાખવાની અને સંમેલન માં હાજરી આપવાની વિનંતી કરી હતી. તેમજ શ્રી રાયચંદભાઈ તથા હરીશભાઈ એ મુરબ્બી શ્રી વસંતભાઈ વીકમશી ને ઉત્સવની વરિષ્ઠ સમિતિનું સુકાન સંભાળવા વિનંતી કરી હતી જેનો વસંતભાઈ એ સ્વીકાર કરેલ.**

એ પછી બીજો કોઈ વિષય બાકી ન રહેતા, સેક્રેટરી **શ્રી જયંતીભાઈ** દ્વારા આભાર વિધિ બાદ મહાવીરસ્વામીના જય જય કાર સાથે સભા પૂર્ણ થઈ હતી.

**લિ. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

(આ ફક્ત સભાનો અહેવાલ છે અને મિનિટ્સ નથી એની નોંધ લેવા વિનંતી)

# ભાવભર્યા શ્રધ્ધાસુમન...

કચ્છ
ગોએરસમા

દેવલાલી
(નાસિક)



અરિહંતશરણ
તા. ૭-૧૨-૨૦૨૧

# સ્વ. રમેશચંદ દેવશીભાઇ ડાઘા

નમ્રતાની તમે સદા નમ્યા, જીવનમાં તમે સહુને ગમ્યા,
દીપ બુઝીઇ ગયો અકાળે, ત્યારે એક ક્ષણ પણ ન ખમ્યા...
શ્રી પારોલા તિર્થના દરેક કાર્યમાં ઉત્કૃષ્ટ રીતે
તન, મન અને ધનથી સહયોગ કરનાર પ્રેરણામુર્તિ
**શ્રી રમેશભાઇ** ને શતઃ શતઃ નમન....
આપનો હસમુખો, સરળ, સૌમ્ય સ્વભાવ, પરોપકારની ભાવના,
કાર્ય કરવાની ધગશ અને સહુ પ્રત્યે મૈત્રીપૂર્ણ વ્યવહાર ક્યારેય ભૂલાશે નહીં,
આપની કાર્યશૈલી એક સંભારણુ બની સ્મૃતિપટ જીવંત રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના

...શોકમગ્ન આત્મીજનો...

શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તીપૂજક જૈન શ્રીસંઘ
કારોબારી કમેટી અને ટ્રસ્ટી ગણ

તંત્રી સ્થાનેથી

# હેપ્પી ન્યુ યર



- ડૉ. હીરાચંદ દંડ

પ્રકાશ સમીક્ષાના સર્વે વાચકો, લેખકો તથા જાહેરાતદારોને ૨૦૨૨નું વર્ષ સુખ-પ્રગતિ અને સલામતીનું સંવાહક બની રહે એવી શુભેચ્છાઓ આપું છું. તથા વિશ્વ કોરોનામુક્ત બને એવી પ્રભુ પ્રાર્થના.

કોરોના કાળના કપરા સમયમાં પ્રકાશ સમીક્ષાને ટેકો આપવા માટે પ્રકાશ સમીક્ષાના એક ફોન કોલ ઉપર આખા વર્ષ માટે જાહેરાત આપી સહયોગ આપનારા ઉદાર જાહેરાતદારોનો હૃદયપૂર્વક આભાર માનું છું. એમના આર્થિક સહકાર વિના કોરોનાકાળમાં જ્યારે સામાજીક કાર્યક્રમો રદ થવાના કારણે જાહેરાતો ઓછી થઇ ગયેલી હતી ત્યારે સાત હજારથી વધુ જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા ફ્રી પહોંચતું કરવું એ ખરેખર મુશ્કેલ બની જાત. આવી સ્થિતીમાં ઉદારતા દાખવવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. પ્રકાશ સમીક્ષાને સમૃદ્ધ બનાવવા ખૂબજ સુંદર, માહિતીપ્રદ તથા જ્ઞાનમય લેખો નિયમિત રીતે મોકલનારા લેખકોનો પણ આ સ્થળેથી આભાર માનું છું. સર્વે વાચકોનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું કે જેઓ પ્રકાશ સમીક્ષાને વાંચીને એને વધુ સારું તથા જ્ઞાતિ ઉપયોગી બનાવવા પોતાના સૂચનો મોકલે છે તથા પોતાના મનોભાવો પણ વ્યક્ત કરે છે.

તાજેતરમાં હું ધુલે (ધુલિયા)ની મુલાકાતે ગયો હતો ત્યારે મને ત્યાંની શ્રીજી ઇંગ્લીશ મીડીયમ સ્કુલની શુભેચ્છા મુલાકાત લેવાનો મોકો મળ્યો. આ શાળાની સુંદર વ્યવસ્થા જોઇ મને ખૂબજ આનંદ થયો. જ્ઞાતિના વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓ આવતા ન હતા તેથી વિદ્યાર્થીગૃહનું ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. સમયની નજાકત પારખીને, પરિવર્તનને અપનાવવાના આશય સાથે ટ્રસ્ટીશ્રીઓએ વિદ્યાર્થીગૃહનું ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં રૂપાંતર કર્યું છે જે ખૂબજ ડહાપણભર્યો તેમજ સમાજને ઉપયોગી નિર્ણય છે. ઇંગ્લીશ મીડીયમ સ્કુલના માધ્યમથી હજારો વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાઇ રહ્યો છે. હું ઇચ્છું છું કે શેઠશ્રી નરશી નાથા બાલાશ્રમ-નલિયા અને શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ-જામનગરની મિલકતોના ઉપયોગ વિશે પણ આવા કોઇક નક્કર પગલા લઇ શિક્ષણના ઉદ્દેશ માટે તથા વિદ્યાઓર્થીઓના ઉત્કર્ષ માટે પાદાચરણ કરવું જોઇએ. દાતાશ્રીઓએ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે આપેલા દાનનો સદ્‌ઉપયોગ થવો જોઇએ તથા દાન પરિણામલક્ષી બની રહેવું જોઇએ. આ સિવાયની પણ કોઇ શૈક્ષણિક સંસ્થાઓ કે ટ્રસ્ટ પાસે ફંડનો વપરાશ ન થતો હોય તો તે અંગે ફેર વિચારણા કરીને તેમનું ભંડોળ ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વાપરવું જોઇએ. આમ થવાથી દાતાશ્રીઓની ઉદાર ભાવના પરિપૂર્ણ થશે સાથે સાથે જ્ઞાતિના વિદ્યાર્થીઓને જ્ઞાનપ્રાપ્તિમાં સુવિધા થશે. આવી રીતે જો પરિવારનું એક સંતાન ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સેટલ થશે તો તે પરિવાર પણ સુખી-સંપન્ન બની શકશે જે જ્ઞાતિના બહોળાં હિતમાં રહેશે.

શ્રી શીવજીભાઇ વિક્મશી હંમેશા કહેતા કે દરેક પરિવારમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ તો ગ્રેજ્યુએટ હોવી જ જોઇએ જેથી તે પરિવાર સ્વતંત્ર અને સ્વાવલંબી બને. આવો આપણે સાથે મળી જ્ઞાનની જ્યોત પ્રગટાવીએ...

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૫, તા. ૦૫-૦૧-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**આવો ઓળખીએ આપણા મહાજનોને**

# જલગાંવ ક.દ.ઓ. જૈન કલ્ચરલ એન્ડ સોશ્યલ વેલફેઅર લીગ-જલગાંવ

**કેસરસિંહ ખોના** - જખૌ (ડોંબીવલી)
મો.: **93230 85396**



ઊંચી ગુણવત્તાના સોનાના દાગીનાના ઉત્પાદન માટે વિખ્યાત જલગાંવ (જલગામ) મહારાષ્ટ્રને દેશના અન્ય ભાગોને જોડતું રેલવેનું એક ખૂબ મહત્ત્વનું જંક્શન છે. આપણી જ્ઞાતિમાંથી સૌથી પહેલાં અહીં કોણ આવી વસ્યા તેની સ્પષ્ટ માહિતી નથી, પણ આશરે ૧૫૦ વર્ષ કે ૧૮૭૦ની આસપાસ સુથરીના માતુશ્રી ગંગાબાઈ જેઠાભાઈ દેવજી તથા ટોકરશી નેણશીના વસવાટનો રેકર્ડ છે. ઉપરાંત જેઠાભાઈ દેવજી પાંજરાપોળના સંસ્થાપક તથા વહીવટકર્તા હતા તેની નોંધ પણ છે.

એમના ઉપરાંત શેઠશ્રી કેશવજી હંસરાજ લાપસીઆ અને શેઠશ્રી મુલજી દેવજી લોડાયા પરિવાર અગ્રેસર ગણાતા જ્યારે શેઠ લાલજી કેશવજી લાપસીઆ નગરશેઠ તરીકે પ્રખ્યાત હતા. મુલજી દેવજી લોડાયાના પુત્ર લક્ષ્મીચંદ શેઠ મહાકાળી માતાની ભાવનામાં અગ્રેસર રહેતા અને મલકાપુરના શેઠ નરશી જેઠાભાઈ દંડની સાથે મળી મહારાષ્ટ્ર એકમની રચનામાં અગત્યની ભૂમિકા ભજવેલી.

મહારાષ્ટ્રના આ ઔદ્યોગિક વ્યાપારિક નગરીમાં વ્યવસાયની ઉત્તમ તકોથી આકર્ષિત થઈ આપણી જ્ઞાતિના થોડેથોડે ૯૫ જેટલા પરિવારો સ્થાયી થયા. એ પરિવારોના એકંદર ૩૭૫ જેટલી સભ્ય સંખ્યા છે.

અહીં આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ સારી પ્રગતિ કરી છે. વિવિધ નાના મોટા વ્યવસાય ઉપરાંત દસ જણની ટ્રાન્સપોર્ટ કંપનીઓ છે તો એક ફાયર ઈક્વીપમેંટ અને રેડી-ટુ-ઈટની ફેક્ટરી ઉપરાંત ખાખરા-ચિક્કી જેવા ધીકતા ગૃહઉદ્યોગ પણ આપણા જ્ઞાતિજનોના છે.

જિલ્લા મુખ્ય મથક, સ્થાનિકે અને અજંતા ઈલોરા જેવા નિકટવર્તી આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતા ઐતિહાસિક દર્શનીય સ્થળો ઉપરાંત ઔદ્યોગિક વ્યાપારનું મહત્ત્વનું કેન્દ્ર હોવાથી અહીં વ્યવસાય અને વ્યાપારની પુષ્કળ તકો રહેલી છે. અહીં ટીકીટ બુકીંગ, ટૂરીસ્ટ ગાઈડ, ટૂર ઑપરેટર, હૉટેલ, રેસ્ટોરાં જેવા અનેક વ્યવસાયોની પુષ્કળ તકો છે



**કલ્પેશ માણેકજી હીરજી છેડા**
જસાપર
**પ્રમુખ**



**કેતનભાઈ લક્ષ્મીચંદ કુંવરજી નાગડા**
સાંધવ
**માનદ્‌મંત્રી**



**નીતિનભાઈ વર્ધમાન જીવરાજ લોડાયા**
કોઠારા
**ઉપ-પ્રમુખ**

એના સિવાય નાની મોટી અનેક શિક્ષણ સંસ્થાઓના ટીચીંગ વ્યવસાય માટે પણ દરવાજા ખુલ્લા છે.

અગાઉ આપણી જ્ઞાતિએ અહીં સુંદર જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું પણ લગભગ ૮૦ થી ૯૦ વરસ પહેલાં સંચાલન ન કરી શકાતાં તપગચ્છના સંઘને સોંપી દેવાયું હતું.

વર્ષો પહેલા શ્રી જલગામ કચ્છી દસા-વીસા ઓસવાલ જૈન મહાજન નામે પ્રવૃત્ત હતું તે મહાજન ૧૯૯૭ના ગાળામાં સગપણ વિવાહની દૃષ્ટિએ જુદું થઈ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જલગામમાં રૂપાંતર પામ્યું અને સમસ્ત જ્ઞાતિ સ્તરનું સગપણ મિલન યોજ્યું હતું. જેમાં ૨૫ થી ૩૦ સગપણ નિશ્ચિત થયા હતા.

લક્ષ્મીચંદ મુળજી દેવજીની જેમ એમના ધર્મપત્ની કસ્તુરીબેન પણ મહાકાળી માતાજીની ભાવનામાં શ્રદ્ધા ધરાવતા. એ અંગે એમણે મહાકાળી માતાજી ભાવના મંડળ સ્થાપ્યું અને કેટલાક પ્રસંગોએ મુંબઈ, હુબલી આદિ અનેક સ્થળે ભાવના ભણાવવા મંડળ લઈ જતા.

મહાજનની કાર્યવાહીમાં સામાન્ય કામગીરી ઉપરાંત કોરોના મહામારીની મુસીબતમાં સપડાઈ ગયેલા ૧૦-૧૨ જ્ઞાતિ પરિવારોને નોંધપાત્ર મદદ કરવામાં સ્થાનિક મહાજન અગ્રેસર રહ્યું હતું.

જલગામ મહાજને પ્રકાશ સમીક્ષાની સામગ્રીમાં વનીતાવિશ્વ અને બાલવિભાગ ફરી શરૂ કરવાની ભલામણ કરી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.**

**જલગાંવ કે.ડી.ઓ. જૈન કલ્ચરલ એન્ડ સોશ્યલ વેલફેઅર લીગ (જલગાંવ મહાજન)**

C/o. કેતન લક્ષ્મીચંદ નાગડા, ફેશન સેન્ટર, લાલબહાદુર શાસ્ત્રી ટાવર નીચે, મહાત્મા ગાંધી રોડ, જલગામ-૪૨૫ ૦૦૧ (મહારાષ્ટ્ર). ફોન : ૦૨૫૭ ૨૨૨ ૬૩૭૭.

**વ્યવસ્થાપક સમિતી :**

શ્રી કલ્પેશ માણેકજી છેડા (જસાપર)-પ્રમુખ

શ્રી નીતિન વર્ધમાન જીવરાજ લોડાયા (કોઠારા)-ઉપપ્રમુખ

કેતનભાઈ લક્ષ્મીચંદ કુંવરજી નાગડા (સાંધવ)-માનદ્મંત્રી

**સભ્યગણ :**

હિતેશભાઈ નરેન્દ્ર મોમાયા (જખૌ)

મિતેશભાઈ પ્રવીણચંદ્ર શાહ/કાંકણ (સાંધાણ)

ભાવેશભાઈ ધનપતિ મોમાયા (બારોઈ)

સંજયભાઈ રતનશી સોની (સાંયરા)

કુશલભાઈ ભરત લોડાયા (બારોઈ)

જિનેશભાઈ ધનરાજ શાહ/મોતા (સુથરી)

સૌ. ચેતનાબેન હિતેશ મોમાયા (જખૌ)

શ્રીમતી મંજુલાબેન મુકેશ ઓસવાલ/લોડાયા (સાંયરા)

## ભલે આયો કોવીડ....!!!

ભલે આયો કોવીડ પન,
નાત કે પુરી સજગ કરીન્ધો ત વ્યોં!
હેન્ન કોરોના જી લે'ર મેં. ત,
ભલભલે જીયું અખ્ખીયું ખોલીન્ધો ત વ્યોં!! (૦૧)
કંઈક ઘર ઑઝારી વયોં ત,
કંઈક કેટલ્યું. શિખામણ પણ દિન્ધો ત વ્યોં...!
ત જેન્ધગી કિંય જીયણી,
હેન્ન જી રીતભાત પન શેખાયન્ધો ત વ્યોં...!! (૦૨)
લેખ્ખ જેટલાં કેટલાંક ત,
ઝટ્ટ દઈને પટ્ટ ઓડી પન વ્યાં!
વડ્ડા વેઠ્ઠા રેયાં ભોમ તેં,
લમ તેં રખી હત્થ અભ કે ન્યાર ધે રેયાં!! (૦૩)
કંઈક જો સોહાગ (કકું),ભોંસાયન્ધો પન વ્યોં!
ત કંઈક જે' મત્થા,
માયતર જો છતર હલાયન્ધો પન વ્યોં!! (૦૪)
ઘણે જા સંસાર થ્યાં, ચાર ભેત્તીયે મેં... ખોલ્લા ભેગાર...!
સોંણધલ નાંય કોય હેડાં,
વ્હો શેં પન પ્યો રેયોં કરીને માટ!! (૦૫)
પ્રસંગ પન આયોં, અખરો ને કપરો જોર!!!
નાત પન થઈ તેઅર સજગ, જે'ર નેય'રે કોધરત જો તો'ર!
હેવર સુધી કઈન્ધા વ્હા હુંસાતુંસી,
પેંઢ મેં રખી તો'જીમું'જી તો તો'ર...!! (૦૬)
જેઅર થઈ રે'યાં રતન પાંજા, રવાના નાત મેં'જા ટપાટપ!
નાત પન કે' વિચાર,
કે હાંણે ત કિંક કેઈણું ખપધો ફટાફટ!! (૦૭)
નાત જે રતને કે, સંભારે'લા કસ્યાં કમર સરસ!
મો'ભી મોંમ્ભઈ મહાજન, અનંતનાથ ટ્રસ્ટ,
નરશી નાથા ટ્રસ્ટ ને RHD પરિવાર સરસ!! (૦૮)

**મોદીવાણી... ચેઙ્ગ્વહ્એં કે,**
**ગોતી જા અવસર કપરે કાળ મેં પણ!!!**
તાબડતોબ બોલ ઝલી ગેને, ચતુર પાંજી નાત શેં!
મંઢી પેઈ સોનું ભનાયલા, અચેલ હથ્થ મેં અવસર કે!! (૦૯)
સાધર્મિક સહાય ને ધવાખણે જા બીલ,
ડેનાં પેંઢ જો સમજી ને!
ને આધુનિક જમાને જી ગરજ નેય'રી,
સથવારે ડેનાં લેપટોપ પેંઢ જો સમજી ને!! (૧૦)
જ્ઞાન ને પરભુ જે મેન્ધર જા, પન થ્યાં વ્હા ધરવાજા ભંધ!
તે'ર નાત ખોલે વડે મન થી, પેંધજે ઘેલ જા કમાડ!
ને ધોધમાર વરસાય છડે, ખોલે ઘેલથી ડાન જી ગંગા!! (૧૧)
**નેર્યો નેર્યો ત... કમાલ... કમાલ... ને કમાલ...!!!**
મોંમ્ભઈ જી સીમાડે કે,
ઓખાડી ને ફોગાય દેને મોંમ્ભઈ મહાજન!
નવો ચીલો ચાલુ કેં સેવા જો
મેવો મેલે પુરે અખન્ડ ભારત ભર!! (૧૨)
અસીં પન ઐયું આં ભરોભર,
ચેન્ધા મ કઈજા. કોય પન ગાલ જી!
હલો કેડાંક ત નાત મેં, હામ દેખાણી લાગણી જી!! (૧૩)
મેલે જો કડી કડી,ભને જનજીર હેકડી!
મેડે જો સંપ હેડો, ત ભને નાત આદર્શ હેકડી!! (૧૪)
મર આયોં કોવીડ ત હેડાં, કોરોના મોત ભની ને!
પન બંધુપ્રેમ ત જાગ્યો, નાત મેં વંભ ભરી ને!! (૧૫)

**(વિશેષ નોંધ : આ મારી કચ્છી કવિતા ની પ્રથમ રચના છે... તો કદાચ ભૂલો થવાની સંભાવના છે, પરંતુ એં ભૂલોને અવગણીને આશય પકડવા માટે નમ્ર વિનંતી! )**

**રચના : મહેશ કાંતિલાલ ભવાનજી મોતા**
(જલગાંમ કુવાપધ્ધર )
**મો. નં. : ૯૪૦૪૪ ૯૨૮૩૦**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ઘરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

કોઈ બાળક, પુસ્તક, લેખ કે નવી પ્રોડક્ટનું નામ પાડવું હોય તો આજકાલ ઘણું સંશોધન અને શોધખોળ કરવી પડે છે.

આશરે ૫૦ વર્ષ પહેલા બાળકનું નામ પાડવાનો એકાધિકાર ફઈબા પાસે રહેતો અને સહેલાઈથી નામકરણ થતું જેમકે ધનબાઈ, પુષ્પા, રમા, માનબાઈ, નેણબાઈ ઈત્યાદિ અને બાળકનાં નામ ગુલાબ, હિમ્મત, ભાગચંદ, લાલચંદ વગેરે... વગેરે...

કચ્છમાં નિવૃત્તિમાં પ્રવૃત રહેવા માટે એક વાંચનનો શોખ અને બીજો લેખનનો શોખ અપનાવ્યો. વાંચનના શોખમાં થોડાક પૈસા ખર્ચાય પણ ઘરમાં પુસ્તકોને વ્યવસ્થિત જાળવવા કબાટની જરૂરત પડે. અને પત્નીશ્રીને વાંચનનો શોખ ન હોય તો સાંભળવું પડે.

"હવે બસ કરો ને આ થોથાં વસાવવાનો શોખ. અડધા પુસ્તકો તો ટળવળતાં હોય છે તમે ક્યારે તમારા કરકમલોમાં તેમને (પુસ્તક) સ્થાન આપો, ની ઈંતેંજારી માં."

પ્ર.સ.માં પ્રગટ થતા મારા એક પાનાનાં લેખ વાંચનારા કદાચ ૫ થી ૭ મિનીટમાં નજર ફેરવી લેતા હોય છે. પણ આ લેખ લખવાની પ્રક્રિયા પ્રસવની પીડા કરતાં પણ વધુ લાંબી અને દુઃખદાયક હોય છે.

પ્રથમ તો લખવાનાં પેડ ઉાર કાગળનો થપો લઈ આસન જમાવવું પડે. વિચારોનાં ઘોડા દોડાવવા પડે. ઘરમાં એકાંત ગોતવું પડે. છેકા-છેકી વાળો લેખ ટાઈપસેટરને મોકલવો પડે. ડ્રાફ્ટ બે-ત્રણ વખત સુધારવા પડે અને ફાઈનલ લેખની સીડીઆર ફાઈલ બનાવી સમય મર્યાદામાં તંત્રીશ્રીને ઈન્ટરનેટથી મેઈલ કરવી પડે.

પ્ર.સા.નાં કેટલાક વાંચકોને તો અમારા લેખ નજરે પણ ના ચડે. પણ ત્યારે ઘડીભર એમ થાય કે શું કામ આ નિસ્વાર્થ પ્રવૃત્તિ કરવી, પણ ત્યારે, ભગવદ્ગીતાનો કૃષ્ણ અમારી સહાયતાએ આવે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफ लेहतुर्भूमार् मा ते सङ्गोऽस्त्वकर्मणि ।।
(આ શ્લોક ઉપર એક લેખ ભવિષ્યમાં)

ક્યારેક ક્યારેક અચાનક કચ્છમાં લગ્ન, ધજા મહોત્સવ, કે ૭૨ જિનાલયે કોઈક મળી જાય અને કહે કે "તમારા થોડાક લેખ વાંચ્યા; સારું લખો છો, સ્ટીમરમાં તો અમે પણ મુસાફરી કરેલી ને યાદો તાજી કરાવી દીધી પણ બધા લેખ વાંચવાનો ટેમ નથી મળતો."

ત્યારે છાતી ફુલીને ફાળકો થઈ જાય, અનાયાસે પેન હાથમાં લઈ "યા હોમ.." કરી કુદી પડીએ લેખ લખવામાં. નવી લેખમાળા વિશે વિચારો કરતો હતો ત્યાં યુ-ટ્યુબ ઉપરથી એક ગીત વહેતું થયું.

**"ચલતે ચલતે યુંહી કોઈ મિલ ગયા થા,**
**સરેરાહ ચલતે ચલતે (૨)**
**વહીં ઠુમકે રહે ગઈ હૈ, મેરી રાત ઢલતે ઢલતે(૨)**
**જો કહી ગઈ ના મુઝસે, વો જમાના કહ રહા હૈ,**
**યે ફસાના બન ગઈ હૈ, મેરી બાત ચલતે ચલતે**
**શબે ઈન્તઝાર આખિર, કભી હોગી મુખ્તસર ભી,**
**યે ચરાગ બુઝ રહે હૈં, મેરે સાથ જલતે જલતે,**
**યું હી કોઈ મિલ ગયા થા...**

**સરેરાહ = રાસ્તે મેં, ઠુમકે=ચાલવાની છટા, ધીમો આંચકો, શબે = રાતનાં, મુખ્તસર=ટુંકી, સંક્ષિપ્ત.**

ઈ.સ. ૧૯૭૨માં આવેલ એક પિક્ચરનું આ ગીત આજે ૨૦૨૨માં પચાસ વર્ષ પછી પણ અર્થસભર અને કર્ણપ્રિય છે. તેની નાયિકા આ ગીત વડે પોતાની સંવેદનાનાં તાર છેડે છે. એ સંવેદનાને આ ગીત મારફત મનમાં મમળાવતો રહ્યો પણ મારા આગામી લેખ માટે તેની પ્રથમ લાઈનનો મુખડો મનમાં વશી ગયો.

"ચલતે ચલતે યુંહી કોઈ મિલ ગયા થા." શું આપણા જીવન સાથે પણ આવું કાંઈક નથી બનતું. અચાનક કોઈ કારણ વગર "યુંહી" કોઈ વ્યક્તિ આપણી સંવેદનાને સ્પર્શે છે, અને ત્યાર પછી તેની સાથેની મુલાકાતો આપણને ગમે છે. તે વ્યક્તિ આપણી પાસે આંખોથી ઓઝલ થઈ જાય છે તો આપણું મન વ્યાકુળ બની જાય છે. આ બધું આપોઆપ સહેજે "ચલતે ચલતે" બની જાય છે, કોઈ આશય વિના...

આ લેખમાળામાં અમારો પહેલો લેખ હશે આપણા પોતાના નાટ્ય-સિનેમા જગતનાં ઉત્તમ દિગ્દર્શક અને ધુરંધર કલાકાર, કચ્છી લોકનૃત્ય ધમાલ રાસના પ્રણેતા શ્રી ચાંપશીભાઈ નાગડાને આંદરાજલી અર્પિત કરી શ્રી ગણેશ કરવાનો. રખે આવતો અંક વાંચવાનું ભુલતા...

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

॥ ત્રિભુવન તિલક શ્રી શાંતિનાથાય નમઃ ॥
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર-મહોદય ગુરૂભ્યો નમઃ
શાસન સંઘ ગચ્છના હિત-ઉત્કર્ષ એવમ્ રક્ષાર્થે

# કચ્છી દશા ઓસવાલ સંઘોના
પ્રતિનિધીઓનું
# સ્નેહ મિલન

જિનાલયના પદાધિકારીઓ,
સાદર પ્રણામ ! જય જિનેન્દ્ર !

આજે નાના-નાના ગામડાઓમાં વસ્તી ઘટી રહી છે. દેરાસર ઉપાશ્રયના વહીવટ સંભાળવા કપરા બન્યા છે. આવા સમયે સંઘોની વિવિધ સમસ્યાઓનો સુયોગ્ય ઉકેલ લાવવા. સંઘોને માર્ગદર્શન એવં સહાયતા આપી હર્યાભર્યા કરવા માટેનો આ એક નાનો પ્રાથમિક પ્રયાસ છે. આપણે સહુએ સાથે મળીને આ કાર્યને સફળ કરવાનું છે. તો ખભે ખભા મિલાવી શાસન સંઘ ગચ્છના હિત-ઉત્કર્ષ એવં રક્ષાર્તે પધારવા હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

ગુણ-ગુણોદય-મુક્તિ-જય દિવ્ય આશિષે
શાસન પ્રભાવિક પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
ખાન્દેશ રત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની
પ્રેરણા માર્ગદર્શન એવમ્ નિશ્રામાં આ કાર્યક્રમ શ્રી શાંતિનાથ દાદાની છાયામાં
શ્રી પારોલા તીર્થે આયોજીત કરવામાં આવેલ છે.

**રવિવાર, તા. ૨૩/૧/૨૦૨૨**
**સવારના ૯.૦૦ વાગેથી ૫.૦૦ વાગે સુધી**

**બપોરના ૧૨ થી ૨**
**સ્વામી વાત્સલ્ય**

વધુને વધુ સંઘોના બે-બે પ્રતિનિધિઓ પધારી શાસનના કાર્યને સફળ બનાવશોજી.
આપશ્રીનાં આગમનની જાણ કરશો જેથી આપની વ્યવસ્થામાં સુગમતા રહે.

-: સ્થળ :-
શ્રી શાંતિનાથ દેરાસર
રથ ગલ્લી, પારોલા
જિ. જલગામ - ૪૨૫ ૧૧૧

લિ.
ધનપતી કુવરજી મોમાયા (જલગામ)
શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મુ. સંઘ
પ્રમુખશ્રીનાં જય જિનેન્દ્ર

-: સંપર્ક સુત્ર :-

| | |
|---|---|
| સંકેત કે. લોડાયા (પાચોરા) | મો. ૮૮૭૯૦૮૦૩૭૯ |
| અશોક. એલ. પોલડીયા (જલગામ) | મો. ૯૪૨૨૨૧૨૨૫૦ |
| હરીશ પી. લોડાયા (અમલનેર) | મો. ૯૪૨૨૪૦૯૬૫૬ |
| દિલીપ એસ. પોલડીયા (પારોલા) | મો. ૭૭૯૮૮૧૨૨૪૯ |

## ધ્યાનાકર્ષક તંત્રી લેખ 'હું પદ'

તા. ૨૦-૧૨-૨૧ના પ્રગટ થયેલ અંકમાં તંત્રી સ્થાનેથી લખાયેલ 'હું પદ' લેખ વિશેષ ધ્યાનાકર્ષક રહ્યો. જવાહરલાલ નેહરૂના સમયથી એમના પછી ''કોણ'' નો વિકરાળ પ્રશ્ન ઊભો થતો, પણ ઈતિહાસ સાક્ષી છે કે, દરેક અનુગામીએ પોતાની જવાબદારી સુપેરે સંપન્ન કરી છે.

હકીકતમાં દરેક ટ્રસ્ટી/પદાધિકારી તથા કારોબારી સભ્યોએ પોતાની કામગીરીનો વાર્ષિક અહેવાલ ફાઈલ કરવો જોઈએ. તથા જનરલ સભામાં મુકવો જોઈએ તથા સ્થાનિકે વિઝીટ બુક પણ રાખવી જોઈએ.

આપના પુરોગામી તંત્રી સાહેબોની પરંપરાને આગળ વધારવા તેમજ જ્ઞાતિ સમક્ષ લાલબત્તી ધરવા માટે આદરણીય તંત્રી સાહેબ શ્રી ડૉ. હિરાચંદભાઈ દંડને અભિનંદન.

**- દિનેશ આર. શાહ-૮૮૫૦૯૮૦૧૭૭**

મોટી સિંધોડી-મલાડ

## ક.દ.ઓ. જ્ઞાતિની મરણોત્તર પ્રક્રિયા બાબતનો અનુભવ અને મહાજનો, મંડળો અને ખાસ કાર્યકર્તાઓ ધ્યાન આપશો

જ્ઞાતિજનો જોગ,

હું આજ રોજ અમારા પરિવારના ભાભીશ્રીની મરણોત્તર ક્રિયા વખતે ઘાટકોપર મુકામે હાજર હતો. અમો અમારા કુટુંબના ૪ થી ૫ સીનીયર સીટીઝન તેમજ અમારી દીકરીના સાસરાના ૨ થી ૪ જણ હાજર હતા. આ ક્રિયામાં સીનીયર સીટીઝન વધારે હોવાથી મૃતકને લઈને ઘરેથી નીચે ઉતારવાથી લઈને સ્મશાન ભૂમી સુધી ૨ થી ૩ એમ્બુલન્સવાળાને વિનંતી કરી મદદ લેવી પડી. (આજકાલ કદાચ વધુ લોકો આ ક્રિયામાં નથી જોડાતા એનું કારણ કોરોનાને પણ બનાવી લેવામાં આવે છે).

અમારા આટલા વરસોમાં ક્યારેય આવો પ્રસંગ નહોતો આવ્યો કે કોઈ હાજર જ ન હોય. જ્યારે જ્યારે આવો બનાવ બન્યો છે ત્યારે ૫૦ થી ૬૦ જણની ઓછામાં ઓછી હાજરી રહેતી અને આ અંતિમ ક્રિયા વ્યવસ્થિત રીતે પતી જતી હતી.

એક. ક.દ.ઓ. માટે આ બાબત ગંભીર નોંધ લેવા જેવી બની રહે છે કે આ અંતિમ ક્રિયામાં આ નવો ચીલો ક્યાંથી આવ્યો કે કોઈ ખાસ હાજર જ નહિ.




આવું ત્યારે અન્ય સાથે ન બને એ માટે પણ મુંબઈના દરેક પરા જેમ કે મસ્જીદ બંદર, વડાલા, સાયન, ઘાટકોપર, કાંજુરમાર્ગ, વિક્રોલી, ભાંડુપ, મુલુંડ, અંધેરી, ડોંબિવલી, કલ્યાણ કે જ્યાં આપણી જ્ઞાતિ રહેતી હોય અને જ્યાં જ્યાં મંડળો અથવા મહાજનો છે ત્યાં ૧૦ થી ૧૨ યુવાનોની ટીમ બનાવી મરણોત્તર ક્રિયા માટે તૈયાર રાખવી જોઈએ જેથી અંત સમયે આવો શૂન્યાવકાશ ન સર્જાય અને શાંતિથી સરળતાથી આ ક્રિયા પાર પડે અને ઘરના કુટુંબીજનોને પણ સાંત્વના, હુંફ મળે. એના જેવું ઉત્તમ કોઈ કામ નથી. આ માટે બીજો કોઈ સુઝાવ હોય તો તે પણ આવકાર્ય છે તેમજ આમાં કઈ રીતે સહભાગી થઈ શકાય તે બાબત ગહન વિચાર માંગી લે છે. તો આપ જરૂરથી વિચાર કરી આગળ આવશો એવી એક ક.દ.ઓ. નાગરીકની નમ્ર વિનંતી છે.

તા.ક. વર્તમાન મહાજન પ્રમુખ તથા ૫૫ સભ્યો પણ આ બાબત વિચારણા કરી ઘટતું કરે એજ વિનંતી.

**લી. નરેન્દ્ર શામજી દંડ(શાહ), તેરા-મુલુંડ**

## શ્રી મણીકાંત પદમશી (૮૪) મોતાને સો સો સલામ

માણસ માત્રને તેના જીવનમાં એક ઈચ્છા તો હોય જ. મારે પણ મારું પોતાનું એક ઘર હોય, એક છત્ર હોય, જ્યાં હું, મારી પત્ની અને મારા બાળકો આનંદ સંતોષ અને શાંતિથી રહી શકીએ. એ રહેઠાણ સ્વર્ગમાંના કલ્પવૃક્ષ સમાન રહે, જેથી સર્વત્ર સંતોષ, આનંદ અને પવિત્રતા સાથે આનંદથી ભરપૂર રહે. આવા ઉમદા આશયથી તે ઘરના નિર્માણની કલ્પના કરતો થાય છે. સમાજના સામુહિક પ્રયાસથી સહકારી ધોરણે કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના નિર્માણથી તેને એક આશ્રય સ્થાન મેમ્બર તરીકે મળી શકે. તેના અરમાનો, સંકલ્પો અને ઈચ્છાશક્તિને સાકાર કરવા ગૃહનિર્માણના સ્વપ્નો સેવે છે.

કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના મેમ્બર બની પોતે એક સુંદર મજાનું ઘર વસાવી શકે છે તેવા આશયથી તે સક્રીય બને છે.

ઘર નિર્માણમાં, અનેક નડતરો આવે છે, વિઘ્નો આવે છે, મુશ્કેલી અનુભવાય છે.

તુંડેતુંડે મતિભિન્ના, વિવિધ માથાંઓ પોતાના કક્કા ખરા કરવા વિઘ્નો નાંખે છે. આપસમાં ગરમાગરમી થાય, ઘર્ષણ થાય, ઉગ્ર દલીલો થાય.

આવી કપરી પળે એક નિષ્પક્ષ પણ સ્વતંત્ર અભિપ્રાય ધરાવતી, પરિપક્વ વ્યક્તિ પોતાનો નક્કર અભિપ્રાય આપે,

સલાહસૂચનો કરે અને વાટાઘાટો દ્વારા એક સરળ, સાદો અને સૌ કોઈને મંજૂર હોય તેવો રસ્તો શોધી કાઢી સર્વે ઘર્ષણોનો અંત આણે. સર્વત્ર શાંતિ, સંતોષ અને સુખ પ્રવર્તે એવો રાહ દેખાડવા વરિષ્ઠ નાગરિક અને સમાજ સેવકના સ્વરૂપે શ્રી મણીકાંત પદમશી મોતાએ પોતાની અનોખી ભુમિકા ભજવી છે.

તાજેતરમાં શ્રી કોચીન ગુજરાતી મહાજનના પૂર્વ પ્રમુખશ્રી મણીકાંત પદમશી મોતાનું ૮૪ વયે અભુતપૂર્વ સન્માન થયું.

કલ્પતરૂ કો.ઓ. હાઉસીંગ સોસાયટી પછી કામધેનુ એપાર્ટમેન્ટ-૨૬ ફ્લેટ, લક્ષ્મી અપાર્ટમેન્ટ-૩૯ ફ્લેટ, સનરાઈઝ એપાર્ટમેન્ટ-૨૪ ફ્લેટ મળી કુલ ૮૯ ફ્લેટના નિર્માણમાં શ્રી મણીકાંતભાઈ પોતાની મુત્સદ્દીગીરીથી મહત્ત્વની ભૂમિકા ભજવી.

શ્રી મોતા પાસે આશરે ૫ દાયકાના પાકટ વયના વ્યાપારિક અનુભવો, સંસ્કાર, મુત્સદ્દીપણું, ચપળતા, પ્રમાણિકતા, નીતિપૂર્વ વ્યવહાર, મૃદુભાષી, સૌજન્યશીલ, સમતાસભર વર્તાવ અને સામાજિક અનુભવોનું મિશ્રણ હતું. સામાજિક ઉત્કર્ષની એક ઈમારત ખડી થઈ રહી હતી, તેમાં નિઃસ્વાર્થભાવ અને નિષ્ઠાનો નીચોડ હતો,કોઠાસુઝ હતી.

આશરે ૧૦૦ જેટલા પરિવારો લાભાન્વિત થઈ રહ્યા હતા! ડગલે ને પગલે શ્રી મણીકાંતભાઈનું સામીપ્ય, સૌજન્ય અને સલાહસૂચન મળતા.

આવાસ પછી હવે શિક્ષણ કોલેજના નિર્માણમાં પણ તેની know-how એ ચાર ચાંદ લગાડ્યા. શાળાના શિક્ષણથી કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના અભ્યાસક્રમો થઈ શકે તેવી વ્યવસ્થાનું નિર્માણ થયું!

કહેવાની જરૂર નથી the vital role was played by our proud Shri Manikant Padamshi Mota at his age of 84!

તેમના સેવાકાર્યની સરાહના કરવાના સમારંભમાં સમાજ શ્રેષ્ઠીઓએ ઉપસ્થિત રહી તેમની અભિવંદના કરી.

ક.દ.ઓ. જૈન સમાજનું નામ રોશન કરનાર શ્રી મણીકાંત પદમશી મોતાને સો સો સલામ.

**- કુલીનકાંત ચાંપશી લુઠીયા-૯૮૨૦૦૩૯૪૬૯**
માનવજ્યોત-સામાજિક કાર્યકર્તા

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા.૨૯-૫-૧૯૫૦

અરિહંત શરણ :
તા.૧૬-૧-૨૦૨૧

**અ.સૌ. સ્વ. તારામતી જેઠાલાલ મોમાયા,** ઉ.વ. ૭૦
ગામ : સાંયરા, હાલે : જુનાગઢ

મન અમારૂં મુરઝાઈ જાય છે, જોઈ છબી આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની,
સદાય હસમુખા ચહેરાથી સૌનું અભિવાદન કરનારા, અને
આવકાર આપનાર અમારા તારામતીબેન વાત્સલ્ય વરસાવતા.
તારીખ ૧૬-૦૧-૨૦૨૧ ના પરલોક સિધાવ્યા છે,
પ્રભુ આપના આત્માને પરમ સુખ-શાંતિ આપે
એવી અંતરની પ્રાર્થના.

**-: શોકાતુર પરીવાર :-**

**માતુશ્રી સોનબાઈ દેવશી વરસંગ મોમાયા પરીવાર**

## શ્રધ્ધાંજલિ



(સુથરી) (વડોદરા)

**શ્રીમતી ચેતનાબેન દેવશી લોડાયા**
**અરિહંત શરણ તા ૨-૧-૨૦૨૨**

વડોદરામાં રહેતા, શ્રી સચ્ચા માના ભાવિકો તથા નિયાણી બહેનોના હૃદયમા વસતા, ચેતનાબેનની ઓચિંતા વિદાયથી અત્યંત દુઃખની લાગણી અનુભવે છે. તેઓ છેલ્લા ૨૦ વરસથી દર વર્ષે માતાજીની પહેડી પુરી થયા પછી માતાજીને પોતાના ઘરે પધરાવી બારેમાસ માતાજીની ભાવથી સેવા પૂજા કરતા હતા.

પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના.

**શ્રી સચ્ચા માના ભાવિકો તથા નિયાણી બહેનો વતી**
**કમીટી સભ્ય**
**ધનજી કલ્યાણજી ગડા**
**કિશોર કાનજી ધુલ્લા** **ખુશાલ હીરજી ગડા**
**હસમુખ જેઠાલાલ ગડા** **દિલીપ વલભજી ગડા**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

વિચાર વર્તુળ

# Award, Reward and Controversary

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
9978903247



ગુજરાતી લેખના અંગ્રેજી શીર્ષકને જોઈને ઘણાને નવાઈ લાગશે; પણ જે વાત, વિચાર કે વસ્તુ આ લેખના માધ્યમથી હું રજુ કરવા જઈ રહ્યો છું તેને કદાચ આ જ શબ્દ સમૂહના સમાનાર્થી ગુજરાતી શબ્દો સચોટ રીતે વ્યક્ત ના કરી શકે એવું મારું વ્યક્તિગત માનવું છે, અને આ શીર્ષક જ આ લેખ લખવા માટેનું સ્રોત કે વિચારબીજ છે અને તેને જ કેન્દ્રમાં રાખીને આ લેખ લખેલ છે. જે પ્રમાણે કોઈ પણ સન્માન (એવોર્ડ) અને પુરસ્કાર (રિવોર્ડ) મોટા ભાગે ચર્ચાસ્પદ કે વિવાદાસ્પદ(કોન્ટ્રોવર્સીઅલ) હોય જ છે, તે રીતે વિચારો કે લેખ પણ હોઈ શકે છે, કેમકે દરેક વ્યક્તિના પોતાના અલગ વિચાર કે મંતવ્ય હોય છે. આ પૂર્વભૂમિકા સાથે હું આ લેખ લખું છું.

આમ તો યુગોથી કે સદીઓથી વ્યક્તિની યોગ્યતા કે વિશિષ્ટતાને અનુરૂપ પદવી, સંબોધન કે ઈલ્કાબ આમ જનતા કે લોકો દ્વારા આપવામાં આપવાની પ્રથા પ્રાચીન ભારતમાં પ્રચલિત હતી. બહુ જલ્દીથી ભક્તો પર પ્રસન્ન થઇ જનાર શંકર ભગવાન કે મહાદેવને લોકોએ ‘ભોળાનાથ’ તરીકે તેમના સ્વભાવની ઓળખ આપેલ, રામાયણ કાળમાં ‘મહાબલી’ રાવણ, ‘મહાબલી’ હનુમાન; મહાભારત કાળમાં ‘બાણાવળી’ અર્જુન, મહાબલી ભીમ, ‘દાનવીર’ કર્ણ, ભીષ્મ પિતામહ વગેરે. આજ રીતે અવાર્ચીન ભારતમાં પણ કેટલાક આવા માનવંતા, સન્માનીય કે હેતભર્યા ઇલ્કાબો પણ પ્રસિદ્ધ છે. મોહનદાસ કરમચંદ ગાંધીને (ગાંધીજીને) ‘બાપુ’ નું સંબોધન જે ત્યાર પછી ‘રાષ્ટ્ર પિતા’ તરીકે વધુ લોકપ્રિય થયું તેમજ ‘મહાત્મા’નું સંબોધન, રવીન્દ્રનાથ ટાગોરને ‘ગુરુદેવ’નું સંબોધન, શ્રી વલ્લભભાઈ પટેલને ‘સરદાર’નું બિરુદ, ઝવેરચંદ મેઘાણીને ‘રાષ્ટ્રીય શાયર’નું સંબોધન. આ બધા સન્માનીય ઇલ્કાબો કે પદવીઓ તેમને કોઈ ઔપચારિક સમારંભમાં આપવામાં આવેલ નથી; પણ તેમની મહાનતાને ઉજાગર કરવા માટે કરાયેલ સન્માન વાચક સંબોધનો કે અભિવાદન હતા, જેને જનતા જનાર્દને અપનાવી લીધેલ અને તે કાળક્રમે તેમની ઓળખ બની ગઈ.

સન્માન અને ઇનામ એ કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કરવામાં આવેલ ઉત્તમ કે વિશિષ્ટ કાર્યને બિરદાવવા માટેની જાહેર અને ઔપચારિક અનુમોદના માની શકાય; જેના દ્વારા સરકાર, સમાજ કે સંસ્થા જે આવા સન્માન અર્પણ કરે છે, તે અન્ય લોકોને પણ આવા સમાજહિત, રાષ્ટ્રહિત કે કોઈ ચોક્કસ સમુદાય કે ક્ષેત્રના કલ્યાણ, ઉત્કર્ષ, પ્રગતિ કે સંરક્ષણ, અન્યાય સામે લડત, શોષણ સામે પ્રતિકાર, નશા જેવી બંદીઓ સામે આંદોલન જેવા ઉત્તમ જનકલ્યાણ કે જાગૃતિ માટેના કાર્યો કે સુકૃતો કરવા માટે પ્રોત્સાહિત કરે છે. સૈદ્ધાંતિક રીતે એવું માનવામાં આવે છે કે સન્માન કોઈ પણ આર્થિક કે અન્ય પ્રકારના લાભ કે ફાયદાની અપેક્ષા વગર કરવામાં આવે છે. જયારે પુરસ્કાર એ કરેલા કાર્ય (સારા કે નરસા) બદલ અપાતું વળતર, ઇનામ કે બદલો માનવામાં આવે છે. મારી સમજ પ્રમાણે સન્માનને ત્રણ બૃહદ કક્ષામાં વહેંચી શકાય. રાજકીય કે પ્રસાશનિય (પ્રસાશન દ્વારા કરવામાં આવતું), સંસ્થાકીય અને સામાજિક.

**રાજકીય કે પ્રસાશનિય સન્માનઃ** આ સન્માન ભારતમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનીય પ્રસાશન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં અને સ્તરોમાં કરવામાં આવે છે; અને બહુધા તે ચર્ચાસ્પદ કે વિવાદાસ્પદ રહે છે, કારણકે આવા

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**લગ્ન સંબંધી**
મુંબઈ, ગોરેગામ પૂર્વ સ્થિત સુખી ક.દ.ઓ. જૈન પરિવારના યુવક ઉ.વર્ષ ૩૪, સારી કંપનીમાં એનીમેશન ફિલ્મનો જૉબ ધરાવનાર, સહસંમતિથી છુટાછેડા થયેલ યુવક માટે સંસ્કારી યુવતીના વડીલો સંપર્ક કરે.
**(સંપર્ક : 98928 99760)**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

સન્માનો આપવા પાછળ કોઈ રાજકીય કે મતલક્ષી ગણતરી સ્પષ્ટ કે અસ્પષ્ટરૂપમાં જોવા મળી રહે છે અને તે ચૂંટણી જીતવાની રણનીતિનો એક ભાગ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સરકારી સન્માનોમાં લાયકાત ઉપરાંત ભલામણ કે જેને ગુજરાતીઓ લાગવગ કહે છે તે પણ મહત્ત્વનો ભાગ ભજવે છે; અને કેટલીકવાર એવી વ્યક્તિઓને સન્માન મળે છે, જે જોતાં એવું પ્રતીત થાય કે આ સન્માન નહીં પણ વળતર કે બદલો આપવામાં આવેલ છે. ઉદાહરણ તરીકે હાલમાં જ પદ્મશ્રીના ઈલ્કાબથી સન્માનિત કંગના રનોત માટે અનેક લોકો અને કેટલાક સમાચાર પત્રોએ આવા મંતવ્યો આપેલ છે. ભૂતકાળના ભારતરત્ન પ્રાપ્ત કેટલાક મહાનુભાવો જેમનું કાર્યક્ષેત્ર બહુજ મર્યાદિત, વ્યક્તિગત, પ્રાદેશિક અને સ્વકેન્દ્રીય હતું, તેઓને પણ આવા ઉચ્ચત્તમ સન્માન આપવા પાછળ રાજકિય, મતલક્ષી કે અન્ય ગણતરીઓ માનવામાં આવેલ. એટલે સન્માન અને વિવાદ મોટા ભાગે પરસ્પર જોડાયલા છે.

રાજકીય કે પ્રસાશનિય સન્માન માત્ર પદવી પૂરતું મર્યાદિત નથી રહેતું. કેટલીક સરકારી યોજનાઓ અને પુરસ્કારની સાથે રાજકારણીઓ કે અન્ય મહાન વ્યક્તિઓના નામ જોડવાની પ્રથા પણ છે. ઉદાહરણ તરીકે રાજીવ ગાંધી ખેલરત્ન પુરષ્કાર, ઈન્દિરા આવાસ યોજના જે હવે પ્રધાન મંત્રી આવાસ યોજના તરીકે ઓળખાય છે. તે ઉપરાંત કેટલાક રસ્તા, ચોક, બગીચાઓ, બંધો (dams), તળાવો, પુલો (bridges), સ્ટેડિયમો, બંદરો (ports) અને સરકારી મકાનો કે વિધાન સભાના મકાનોને પણ નેતા કે અન્ય વિશિષ્ઠ મહાનુભાવોના નામ આપવાની પ્રથા કે પ્રણાલી છે. ઉપરાંત કોઈ વાર તેમની સ્મૃતિમાં ટપાલ ટિકિટ અને કેટલીક વાર સિક્કા બહાર પાડવાની પ્રથા પણ અમલમાં છે. મહાપુરૂષોના પૂતળા (statue), બાવલા(bust) કે મૂર્તિ જાહેર જગ્યાએ ખાસ કરીને ચોકમાં મુકવાની પ્રથા પણ છે. કોઈ મહાપુરૂષોના નામે શહેર કે ગામ પણ બનેલા છે. ઉદાહરણ તરીકે ઉધમપુર નગર, ગુરુતેગબહાદુર નગર, ગાંધીનગર, ગાંધીધામ. તો કેટલીક વાર સરકાર દ્વારા અપાતા દાખલાઓ કે પ્રમાણપત્રો અને દાન કીટ્સ પર ઉપર પણ મહાનુભાવોના ફોટા લગાડવાની નવી પ્રથા ચાલુ થયેલ છે.

**સંસ્થાકીય સન્માનઃ** આ પ્રકારમાં મે સામાજિક કે ધાર્મિક સંસ્થાઓને સામેલ કરેલ નથી; કારણકે તેમનું કાર્યક્ષેત્ર બહુજ મર્યાદિત હોય છે અને તેમના સન્માનના લાભાર્થી બહુધા એ સંસ્થાઓના સભ્યો જ હોય છે. આ સંસ્થાકીય પ્રકારના કેટલાક સન્માનો જે બહુજ પ્રખ્યાત છે જેમકે નોબેલ પ્રાઈઝ, મેગસેસે એવોર્ડ, પુલિત્ઝર પ્રાઈઝ અને બુકર પ્રાઈઝ વગેરે. સમગ્ર વિશ્વમાં નોબેલ પ્રાઈઝ એ સૌથી શ્રેષ્ઠ સન્માન માનવામાં આવે છે; જે શાંતિ, આરોગ્ય, ભૌતિક વિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર, સાહિત્ય અને અર્થ શાસ્ત્ર એમ છ અલગ અલગ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન માટે વ્યક્તિ અને સંસ્થાઓને દર વર્ષે નોર્વેજીયન નોબેલ કમિટી દ્વારા આલ્ફ્રેડ નોબેલ ટ્રસ્ટના સહયોગથી આપવામાં આવે છે. વર્ષ ૧૯૬૨માં અમેરિકન લેખક ઈર્વિંગ વોલેસ દ્વારા નોબેલ ઇનામ પ્રણાલીના વિવિધ પાસાઓના લગભગ ૧૪ વર્ષના અભ્યાસ અને સંશોધન બાદ 'ધ પ્રાઈઝ' નામની એક મહાનવલકથા પ્રસિદ્ધ થયેલ, જે કહેવા માટે તો એક પરિકલ્પના (Fiction) જ છે પણ તે સત્ય કરતાં પણ વધારે સત્ય છે (The truth truer than the truth). તેમાં નોબેલ ઇનામ મેળવવા માટે પડદા પાછળ થતા કાવાદાવા, ષડયંત્ર, શામ, દંડ, ભેદનો ઉપયોગ અને કેટલીક વાર અનૈતિક, અઘટિત, અપ્રમાણિક કે અધમ પ્રકારના પ્રયાસો દ્વારા નોબેલ ઇનામ કમિટીના સભ્યોને લલચાવવાના પ્રયાસોનું સુંદર ચિત્રણ થયેલ છે. મેં લગભગ ૧૯૭૬માં આ પુસ્તક વાંચેલ. તેનું એક વાક્ય 'દરેક સફળ વ્યક્તિ પાછળ એક કારનામું હોય છે'. (Behind every successful person, there is a scandal) એ જગપ્રસિદ્ધ થયેલ અને

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 9820853112**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

તેના પરથી પ્રેરણા લઈને એક બહુ જ પ્રસિદ્ધ અંગ્રેજી સિનેમા 'ધ ગોડફાધર'માં પણ એક વાક્ય હતું 'દરેક સફળ કિસ્મત પાછળ એક ગુનો હોય છે.' (Behind every successful fortune, there is a crime) એટલે નોબેલ ઇનામ જેવા વિશ્વ પ્રસિદ્ધ અને સન્માનીય ઇનામ, અકરામ કે સન્માન પણ વિવાદાસ્પદ રહ્યા છે. આ સ્થાને બે ઔધોગિક સંસ્થાનોએ ચાલુ કરેલ સન્માનની પ્રથાનો ઉલ્લેખ કરવો જરૂરી અને યોગ્ય લાગે છે. ટાટાની ટેલ્કો કંપનીએ એના એક માલવાહક વાહનને ટેલ્કોમાં ઘણા વર્ષો સુધી ઉચ્ચપદે રહી ચુકેલ સુમંત મૂલગાઓકરના (Sumant Moolgaonkar) નામના પહેલા બે અક્ષરો લઈને સુમો (SUMO) એવું નામ આપેલ છે. અને હાલમાં જ સુરત હઝીરા ખાતેની લારસન એન્ડ ટુબ્રો સંકુલને તેમાં દીર્ઘકાલીન ચેરમેન શ્રી એ. એમ. નાઈકના નામ પરથી 'A.M. Naik Heavy Engineering Complex' એવું નામકરણ કરીને અનોખી રીતે સન્માન કરેલ છે.

**સામાજિક સન્માનઃ** આ સન્માનમાં ધાર્મિક પ્રવૃત્તિ કે કાર્ય માટેના સન્માન પણ સામેલ છે. મોટા ભાગે આ પ્રકારના બહુમાનોમાં વ્યક્તિના જે તે સંસ્થા, સમાજ, ઘટક, સમુદાય કે સંઘને આપેલ વ્યક્તિગત રીતે કે સંયુક્ત રીતે કૌટુંબિક આર્થિક ફાળો, અનુદાન, દાન, અને જમીન કે મકાનનું દાન એ મહદ અંશે સામેલ હોય છે. ક્વચિત કોઈ વ્યક્તિની દીર્ઘકાલીન માનદસેવા માટે પણ સન્માન કરવામાં આવે છે. પણ બહુધા કામ નહીં પણ દામ (Money power) નો અહીં વિશેષ પ્રભાવ જોવા મળે છે. કેટલીક વાર તો સગાવાદનો પણ પ્રભાવ જોવા મળે છે. આ બધું સામાન્ય રીતે જોવા મળતું રહે છે અને તેની ટીકા કરવાનો કે ઘસાતું લખવાનો મારો ઈરાદો નથી, આ માત્ર એક નિરીક્ષણ છે. એટલે જ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં બહુમાનની પ્રથા હોય છે; જે પ્રસંગોચિત અને યથાયોગ્ય હોય છે' જેમાં શાલ, શ્રીફળ, માલા અને રોકડ રકમનું કવર આપીને જાહેર સન્માન કરવામાં આવે છે. પણ છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રેષ્ઠી, રત્ન કે એવી પદવી કે પદ આપીને આજીવન માન સન્માન આપવાની પ્રથા ચાલી રહી છે.

આ સ્થાને એક રમુજી વાત યાદ આવે છે. આપણી જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં પણ કેટલાક જ્ઞાતિજનોનું 'જ્ઞાતિ રત્ન' જેવા અનેક ઈલ્કાબ આપીને વ્યક્તિગત સન્માન કરવામાં આવેલ. આવા એક ગુજરાતના જ્ઞાતિજન જેને પણ કોઈ ઈલ્કાબ પ્રાપ્ત થયેલ તેમને મેં ફોનથી અભિનંદન આપેલ, ત્યારે તેમણે મઝાક કરેલ કે સન્માનમાં બધા રત્નો હોતા નથી, કોઈ મારા જેવા 'નંગ' પણ હોય છે.

**છીપનું મોતીઃ** જે લોકો સમાજ કે રાષ્ટ્રની સુરક્ષા, ઉન્નતિ, પ્રગતિ, સુખાકારી અને સમૃદ્ધિ માટે યોગદાન આપે છે તેમનું યોગ્ય સન્માન કરવું એ સમાજ અને સરકારની ફરજ છે; પણ તેની સાથે જે ઉચ્ચ ઈલ્કાબ, ખિતાબ કે પદવી અપાય છે તેનું માન, ગરિમા અને ગૌરવ જાળવવું પણ એટલું જ જરૂરી છે.

## ક.દ.ઓ. નાટ્યકર્મીઓને નમ્ર નિવેદન

**ક.દ.ઓ. જ્ઞાતિના જે પણ જ્ઞાતિજન રંગભૂમી તથા ફિલ્મ જેવા મનોરંજન માધ્યમ સાથે સંકળાયેલા હોય તેમણે પોતાની પ્રવૃત્તિ તથા કારકિર્દી વિશેની માહિતી સોમ ધરમશી- ૯૭૨૬૭ ૭૬૬૨૭નો સંપર્ક સાધી તેમને આપવી જેથી પ્રકાશ સમીક્ષામા પ્રકાશિત થતી લેખમાળામાં સમાવિષ્ટ કરી શકાય.**

**- લી. તંત્રી મંડળ**


**Gada Holidays & Caterers**

**ન્યુયર ધમાકા**

**01/02/22 to 12/03/22**
**મેઘાલય, આસામ, અરૂણાચલ પ્રદેશ,**
**ગુવાહાટી ટુ ગુવાહાટી**
**11 Night 12 days 33400 Rs.**
**15/03/22 to 27/03/22**
**હિમાલય - 12 Night - 13 Days**
**મુંબઈ ટુ મુંબઈ by Train 28500**
**By Flight 36500**

**અમૃતસર, માતા વૈષ્ણવદેવી, કાશ્મીર**
**26/03/22 to 05/04/22 by ટ્રેન જવાનું**
**ફ્લાઈટ આવવાનું 28500**
**જૈન રસોડું સાથે ૨ સ્ટાર ડિલક્સ હોટેલ**
**એક રૂમમાં ૨ જણ, ટેમ્પો ટ્રાવેલ મીની બસ.**

**અધિક જાણકારી માટે**
**9930499069 રવી ગડા**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય માટે ચાલવું ખૂબ જ જરૂરી



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

માનવી નાનપણમાં ચાલતો થાય ત્યારથી મોટી ઉંમર સુધી ચાલતો જ હોય છે, પરંતુ જ્યારથી વાહનો, રિમોટ, બટન જેવા આધુનિક સાધનો આવ્યા એટલે માનવીનું ચાલવાનું ઓછું થતું ગયું. બેઠાડુ જીવનને લીધે-ભૂખ ન લાગવી, અપચો, જાડાપણું, હાઈ બી.પી., હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ, ઓસ્ટીયોપીનીયા (હાડકામાં કેલશિયમનું ઓછું થવું) ઓસ્ટીયોપોરોસીસ (હાડકા છીદ્રાળું થવા), સંધીવાત, હૃદયરોગ જેવી અનેક બીમારીઓ લાગુ પડે છે. ઓછું ચાલવાથી આયુષ્ય ઓછું થાય છે.

સંશોધનમાં જણાયું છે કે ૨૫ વર્ષની વય પછી હર એક કલાકના (ટી.વી., કોમ્પ્યુટર કે ટેબલ વર્ક કરતાં) બેસી રહેવાથી આયુષ્યમાંથી ૨૧.૮ મિનીટ ઓછી થાય છે. આમ બેસી રહેવાથી ટી.વી., કોમ્પ્યુટર સીધુ નુકશાન કરતાં નથી પણ ન ચાલવાને લીધે જ નુકશાનકારક બને છે. એક સિગરેટ ફૂંકવા કરતાં એક કલાક બેસી રહેવાથી વધુ આયુષ્ય ઘટે છે. આ ગણતરી જોતાં દિવસમાં ૬ કલાક કાર્ય અર્થે પણ બેસી રહેનારનું આયુષ્ય ૪.૮ વર્ષ ઘટે છે. માટે જ બેઠાડુ જીવન ત્યજી ચાલતા-ફરતાં રહેવાથી ઘણા ફાયદા થશે, આયુષ્ય વધશે. ઓફીસવર્ક કરનારને ૬-૮ કલાક નક્કી જ બેસવું રહ્યું પણ વચ્ચે ઓછામાં ઓછું પોણો કલાક (૪૫ મિનીટ) પછી ઉભા થાવ, કાંઈ મુકવું ઉપાડવું જેવું કામ કરો કે પાણી પીવા ઉઠો, મોં પર પાણીની છાલક મારો કે અન્ય કોઈ પણ કામ અર્થે ઉભા થઈ સહેજ પણ ભ્રમણ કરી લ્યો જે સતત બેસી રહ્યાના નુકશાનને તોડશે અને સ્ફુર્તિ પણ આપશે. આ એક નાનકડો ક્રમ સૌ કાર્ય કરનારે અપનાવી લેવા જેવો છે.

સૌથી સહેલી અને સગવડભરી કસરત ચાલવાની છે. ચાલવાથી વગર ખર્ચે અને વગર તકલીફે શરીરને કસરત મળે છે. એ ગમે ત્યાં અને ગમે ત્યારે કરી શકાય છે. વહેલી સવારે વાહન વ્યવહાર ઓછું, હવા તાજી વધુ ઑક્સિજનવાળી હોય છે અને વાતાવરણ પણ ખુશનુમા હોવાથી સારા વિચારો આવે છે. ઓઝોન વાયુ પણ મોટે ભાગે સારી માત્રામાં હોય છે, માટે જ વહેલી સવારે ચાલવું ફાયદાકારક છે છતાં ન ફાવે તો દિવસે ગમે ત્યારે ચાલવાથી, ચાલવાના ફાયદા તો મળે જ છે. ઠંડીના દિવસોમાં તડકામાં ચાલવાથી ઠંડીથી રાહત મળશે ને વિટામીન ડી પણ મળશે. શહેરોમાં જ્યાં વસ્તી ઓછી હોય, વાહનવ્યવહાર ઓછો હોય અને વૃક્ષ-હરીયાળી વધુ હોય ત્યાં ચાલવા જવું સારું.

ચાલવાથી સૌથી વધુ લાભ હૃદય અને ફેફસાને થાય છે, સ્નાયુના હલનચલનને કારણે લોહી ભ્રમણ ક્રિયામાં મદદ થાય છે અને પગના સ્નાયુ પણ બીજા હૃદય તરીકે કામ આપે છે. ચાલતી વખતે સ્નાયુ દબાય એટલે એમાં રહેલી લોહીની નસો દબાય અને હૃદયની જેમ જ પમ્પીંગ થાય એટલે જ પગની પીંડીઓને બીજું હૃદય કહે છે. આમ જેને હૃદયનું પમ્પીંગ ઓછું છે તેમણે ધીમે ધીમે પણ ચાલવું જ અને વધુમાં ઝુલા પર બેસી કે થોડી ઉંચાઈ પર બેસી પગ ચલાવવાથી લાભ થાય. ચાલવાથી ભૂખ લાગશે, પાચન થશે, કબજીયાત મટશે, માનસિક તાણ ઘટશે, શરીરમાં સ્ફુર્તિનો અનુભવ થશે, બીપી નિયમીત થશે, ડાયાબિટીસ કાબુમાં રાખવામાં મદદ થશે, રક્તવાહિનીઓ વધારે સ્થિતિસ્થાપક બનશે અને તેનાં તૂટી જઈ સ્ટ્રોકની શક્યતા ઘટશે.

